॥ અહિંસા પરમો ધર્મ ॥ ॥ યતો ધર્મઃ તતો જય ॥

# ગુરુ કમલ-લબ્ધિ જીવદયાધામ

ઈડર : ગુજરાત

# શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા

રજી.નં. : E-52 સાબરકાંઠા PAN NO. AAATI0805K

ઈન્કમટેક્ષ માફી પ્રમાણપત્ર : DIT(E)80G(5)1426 સાબરકાંઠા

રાણી તળાવ પાસે, ગંભીરપુરા, મુ.પો.તા. ઈડર (સાબરકાંઠા)

મો. ૯૪૨૮૫૫૩૩૬૬, ૯૪૨૭૮૪૨૭૭૮, ૭૨૨૭૦૬૮૦૨૮

## સંસ્થા પરિચય

## સહાય અને દાન માટે વિનંતી



### ••• અબોલ પશુઓની દર્દનાક અપીલ •••

કોઈ પાપ કર્મોના યોગે અમારો જન્મ પશુયોનિમાં થયો,
અમારી કાળજી માટે, અમારી તંદુરસ્તી માટે, અમારા જીવનના
અંતિમ શ્વાસ ધબકતા રાખવા માટે હવે અમારું જીવન આપના આશરે છે.
ઈડર પાંજરાપોળને આપનું દાન... એટલે અમારું જીવન.
દાન આપી આપના જન્મદિન, લગ્નોત્સવ, મૃત્યુનો શોક,
ધાર્મિક મહોત્સવને જીવદયા મહોત્સવ બનાવો.

પધારો પ્રેમથી ગુરુ કમલ-લબ્ધિ જીવદયાધામમાં
થોડો સમય વિતાવો અબોલજીવ ધામમાં

: ભવદીય :

ભરતભાઈ એ. ભંડારી
માનદ્ વહીવટદાર
મો. ૯૪૨૮૫૫૩૩૬૬, ૮૪૬૯૪૮૪૭૯૪

પૃથ્વીરાજભાઈ સી. પટેલ
પ્રમુખ
મો. ૯૮૨૫૫૩૮૨૨૫

તથા
ટ્રસ્ટીગણ

# ❁ શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થાની માહિતી ❁

## : સંસ્થાની સ્થાપના :

આ સંસ્થાની સ્થાપના જૈનાચાર્ય **શ્રીમદ્ વિજય કમલસૂરિશ્વરજી મહારાજ** સાહેબની પ્રેરણાથી વિક્રમ સંવત ૧૯૭૫ માં થઈ હતી. છેલ્લા ૧૦૦ વર્ષોથી આ સંસ્થા જીવદયાનું પ્રભુકાર્ય સમાજના દાનવીરોની સહાયથી કરી રહી છે. ઈડરના **તત્કાલિન સન્માનનીય મહારાજાશ્રી**એ ઉદાર હ્રદયે સંસ્થાના નિભાવ માટે ઈડરના રાણી તળાવ પાસે વિશાળ જમીન ભેટ આપીને ઈડર પાંજરાપોળના અબોલ જીવોના નિભાવની વ્યવસ્થાનો પાયો રચ્યો છે.

## : સંસ્થાની વર્તમાન સ્થિતિ :

ઈડરીયાગઢ-પહાડો પાછળનો આ ભૂમિવિસ્તાર પથરાળ જમીનનો છે. જમીનમાં ભૂગર્ભ જળના સ્તર ઊંડા છે. વિશાળ જમીનમાંથી માત્ર ૨૫૦ એકર જમીન જ કૂવાઓથી પીયત થાય છે બાકીની જમીન વરસાદ આધારિત છે. નજીકમાં પાણીની કોઈ મોટી કેનાલ પણ નથી.

આ સંસ્થામાં અત્યારે **૩૦૦૦** જેટલાં ગાય, ભેંસ, પાડા, બળદ તથા ઘેટાં-બકરાં છે. તેમનો નિભાવ, સેવા-સુશ્રુષા શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા કરે છે. પશુઓના આરોગ્ય અને રોગ માટે સારવાર - સેવા - દવા પણ **શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા** ઉપલબ્ધ બનાવે છે.



**જીવદયા આપણી કુળદેવી છે,**
**ઈડર પાંજરાપોળ અબોલજીવોની જીવાદોરી છે.**

— આ પ્રાચીન પાંજરાપોળના વિકાસકાર્યોમાં —

### ❁❁ : મહાનુભાવોની પ્રેરણા, સહાય અને આશીર્વાદ : ❁❁

- પ.પૂ. આચાર્ય ભગવંતશ્રીઓ અને સાધુસંતશ્રીઓ
- જૈન શાસનરત્ન શ્રી કુમારપાળભાઈ વી. શાહ-વર્ધમાન સેવાકેન્દ્ર
- સંતશ્રી શ્યામસુંદરદાસજી મહારાજ, ભોલેશ્વર સેવાસંઘ, વસાઈ
- શ્રી વર્ધમાન સંસ્કાર ધામ - મુંબઈ
- શ્રીમદ્ રાજચંદ્ર મિશન - ધરમપુર
- શ્રીમદ્ જેશીંગબાપાના મુમુક્ષુઓ
- શ્રીમદ્ રામજીબાપા - ધોલવાણી
- શ્રી સમસ્ત મહાજન - મુંબઈ
- પૂજ્ય શ્રી શાસ્ત્રી સાહેબ - ગોધમજી

# શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા

|| દાતવ્યમ્ ઈતિ યત્ દાનમ્ દીયતે અનુપકારિણે ।
દેશે કાલે ચ પાત્રે ચ તત્ દાનમ્ સાત્વિકમ્ સ્મૃતમ્ ॥ ||

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા : શ્લોક ૨૦ - અધ્યાય ૧૭)

## આર્થિક સહાય અને દાન માટે વિનંતી

## પ.પૂ. આચાર્ય ભગવંતશ્રીઓ-સાધુસંતો અને જીવદયા પ્રેમીઓ,

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની **૧૦૦ વર્ષ** જૂની શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા આ વિસ્તારની **એકમાત્ર** જીવદયાનું કામ કરતી સંસ્થા છે. માનવના હૃદયમાં ઈશ્વરે આપેલ દયા અને અહિંસાના સદ્‌ગુણોથી નભતું આ **જીવંત તીર્થધામ** છે.

આ સંસ્થા પર અત્યારે કુલ **૩૦૦૦ અબોલ જીવો**ના નિભાવ અને સારવારની વિરાટ જવાબદારી છે. કતલખાને જતાં અબોલજીવોને છોડાવી જીવદયા કાર્યકરો અને પોલિસ આ સંસ્થામાં જ મોટી સંખ્યામાં મૂકી જાય છે. ગુજરાત, રાજસ્થાનસીમા પરની સાબરકાંઠાની આ એકમાત્ર પાંજરાપોળ છે. **'અહિંસા પરમો ધર્મ'** અને **'જીવદયા'** ના સૂત્રોને એક સદીથી પાળતી આ સંસ્થા આ નિરાધાર પશુઓને **કર્તવ્યભાવ**થી સ્વીકારે છે. સંસ્થા પાસે કાયમી મોટું નિભાવ ભંડોળ નથી. પશુઓનો દૈનિક નિભાવખર્ચ **રૂા. ૧,૦૦,૦૦૦/-** જેટલો છે. જીવદયાપ્રેમી કાર્યકરો, સંસ્થાઓ અને દાનવીરોના **દાનભંડોળ**થી આ ભગીરથકાર્ય થઈ રહ્યું છે.

ઈડર પાંજરાપોળને સ્વાવલંબી બનાવવા માટે તેની વિશાળ જમીનમાં ઘાસચારો ઉગાડવો પડે અને આવક મળે તેવા પાક લેવા પડે. આ માટે વિશાળ જમીન પર જીવદયા ફાર્મસ બનાવવા, સુરક્ષાવોલ બનાવવા, ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ લગાવવા, જૂના કૂવા ઊંડા કરવા, બોર કરવા, સ્પ્રીંકલર લગાવવા, ચેકડેમ-ખેત તલાવડી બનાવવા અને પશુઓને રાખવાના શેડ બનાવવા - **ઘણા મોટા પ્રમાણમાં ખર્ચ કરવાનો હોવાથી મોટા પ્રમાણમાં દાનની આવશ્યકતા ઊભી થઈ છે.**

**જગદ્‌ગુરૂ શ્રીકૃષ્ણે** શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં જેનું મહત્વ દર્શાવ્યું છે - તેવું **સાત્વિકદાન** અમારી સંસ્થાને આપવા આપશ્રીને - આપની સંસ્થાના ધૂરાવાહકોને નમ્ર વિનંતી છે. જીવનના **ઉત્તમ કર્તવ્યરૂપે** આપ સંસ્થાને દાન આપો અને અબોલ, લાચાર અને અશક્ત પશુઓના નિભાવ તથા સારવારની અમારી ફરજ પાલનમાં **સહભાગીદાર** બનો, એવી હાર્દિક વિનંતી છે.

ઈડર પાંજરાપોળની વિવિધ જરૂરીયાતો માટે નક્કી કરેલ દાન યોજનાઓમાં આપ જોડાવો તેવી વિનંતી છે. આપના અને કુટુંબના **શુભ-અશુભ પ્રસંગોએ આ સંસ્થાને મોટું દાન** આપી પુણ્ય કમાઈને જીવદયા પાલનનો સંતોષ મેળવો અને જીવનને કૃતાર્થ બનાવો તેવી અભ્યર્થના છે.

આ સંસ્થાને મળેલ દાન ૮૦(જી) મુજબ ઈન્કમટેક્ષમાં **માફીપાત્ર** છે. આપના દાનનો ચેક/ડ્રાફ્ટ **'શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા'**ના નામે મોકલવા વિનંતી છે.

થોડી ક્ષણો તો વિતાવો પાંજરાપોળના પ્રાંગણમાં,
છલકાશે આંખે અશ્રુ અને ઉદ્‌ભવશે દયા મનમાં.

શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થામાં આપ **પધારો**... અમારા કાર્યોને **જાણો** અને અમને ફરજપાલનમાં **પ્રેરક** બનો એવી નમ્ર વિનંતી.

: સવિનય :

**ભરતભાઈ એ. ભંડારી**
માનદ્ વહીવટદાર

**પૃથ્વીરાજભાઈ સી. પટેલ**
પ્રમુખ

તથા
**ટ્રસ્ટીગણ**

**૧૦૦ વર્ષ જૂની ઈડર પાંજરાપોળ બનશે... આપના સાથ અને દાનથી સ્વાવલંબી અને થશે... હજ્જારો અબોલ જીવોનું પોષણ**

**આ યોજનામાં આપ અને આપનો પરિવાર સત્વરે જોડાઓ તે માટે હાર્દિક વિનંતી છે.**

# સ્વાવલંબન તરફ એક કદમ... જીવદયા ફાર્મ યોજના

આજે શ્રીમંતાઈના પ્રદર્શન સ્વરૂપ અનેક ફાર્મહાઉસ અસ્તિત્વમાં આવ્યા છે. સામાજીક સ્ટેટસ, સ્વપ્ન અને શોખ માટેના આ ફાર્મહાઉસ તેમની ઉચ્ચ જીવનશૈલીનું પ્રદર્શન માત્ર છે...

...પણ ઈડર પાંજરાપોળ તેના શતાબ્દિ વર્ષમાં જીવદયા ફાર્મ યોજના આપની સમક્ષ રજૂ કરે છે, જે આપને અને આપની ભાવિપેઢીઓ માટે અપૂર્વ પુણ્ય કમાઈ આપશે. જાણો આ યોજના વિશે અને સત્વરે તેમાં જોડાઈ જાવ...

ઈડરગઢની તળેટીમાં બારેમાસ પાણીથી ભરેલા રહેતા રાણીતળાવની પાસે છે વિશાળ જમીન ધરાવતી ઈડર પાંજરાપોળ. યોજના મુજબ ત્યાં દસ દસ એકરના જીવદયા ફાર્મ બનાવવામાં આવશે. જેમાં જમીનને ખેડાણપાત્ર બનાવી, પાણીના બોર અને સ્પ્રીન્કલર સિંચાઈ પધ્ધતિ યુકત ખેતી કરી અબોલજીવો માટે લીલો ચારો ઉગાડવામાં આવશે. ઈડર પાંજરાપોળની અબોલ ગાયો અને પશુધનની ભૂખ સંતોષશે આ ચારો. વધારાનો ચારો અન્ય પાંજરાપોળોને પણ આપી શકાશે. જીવદયાફાર્મ - સાચા અર્થમાં તેના દાનવીરને જીવદયાનું અપૂર્વ પુણ્ય કમાઈ આપશે.... આપના દાનથી થશે જીવપોષણ-જીવરક્ષણ.

આ જીવદયા ફાર્મના ગેટ પર ૨૭ લાખનું દાન આપનાર દાનવીરની ગ્રેનાઈટ તકતી લાગશે, દાનવીર પરિવાર આ ફાર્મની મુલાકાત લઈ શકશે, સૂચનો કરી શકશે, પોતાના કુટુંબના જન્મતિથિ, લગ્નતિથિ - જેવા શુભ પ્રસંગો અહીં ઉજવી અપનાપન અનુભવી શકશે.



**૧૦ એકરના ૧ જીવદયા ફાર્મનો નકરો છે...**

## માત્ર... રૂા. ૨૭,૦૦,૦૦૦/-

**સત્તાવીસ લાખ રૂપિયા માત્ર...**

આપના બાળકોને દાન અને દયાનો પ્રત્યક્ષ મહિમા સમજાવવા અને વંશ પરંપરાગત વારસદારો માટે પૂણ્ય ઉપાર્જન કરવા-જોડાવ જીવદયા ફાર્મ યોજનામાં.

**અબોલ જીવો માટે લીલોચારો ઉગાડો,**
**આપની ભાવીપેઢીઓ માટે લખલૂટ પુણ્ય કમાઓ.**

# પાક સુરક્ષા તરફ એક કદમ.. સુરક્ષા વોલ યોજના

ઈડર પાંજરાપોળની અતિવિશાળ જમીનમાંથી દસ-દસ એકરના અસ્તિત્વમાં આવનાર જીવદયા ફાર્મસમાં ઉત્પન્ન થનાર લીલાચારાની અને પાંજરાપોળના વિશાળ કેમ્પસની સુરક્ષા માટે પથ્થરની સુદીર્ઘ સુરક્ષાવોલ બનાવવાનું આયોજન - પણ દાનવીરોના સાથ અને દાનની અપેક્ષાએ કરવામાં આવ્યું છે.

ઈડર આસપાસના ડુંગરો અને વનવગડાના જંગલી જાનવરો તથા ઊભોપાક ચરી જતાં જાનવરોથી અબોલજીવો માટેના લીલાચારાનું રક્ષણ અત્યંત જરૂરી છે. તે માટેની પ્રસ્તાવિત સુદીર્ઘ સુરક્ષાવોલ માટે કરોડો રૂપિયાનો ખર્ચ થશે. સંસ્થા આ ખર્ચ માટે દાનની અપીલ કરે છે.

પથ્થરોની ૬'ઊંચી અને ૨' પાયો ધરાવતી સુરક્ષાવોલની એક મિટર લંબાઈ માટે માત્ર રૂા. ૨૫૦૦/- નું દાન નક્કી કરવામાં આવ્યું છે. દાનવીર વ્યક્તિ કે પરિવાર તેમની ઈચ્છા પ્રમાણે શક્ય તેટલી વધુ લંબાઈની વોલ માટે દાન આપે તેવી વિનંતી છે.

૩૬ મીટર કે તેથી વધુ મીટરની લંબાઈની દિવાલનું દાન આપનાર દાતાશ્રીનું નામ સુરક્ષા સાથી શિલાલેખમાં લખવામાં આવશે.



૧ મીટર સુરક્ષાવોલનો નકરો છે...

**માત્ર... રૂા. ૨૫૦૦/-**

બે હજાર પાંચસો રૂપિયા માત્ર...

સુરક્ષાવોલ માટે આપ દાન આપી શકશો ૩૬-૨૭-૧૮-૧૧-૫-૨ કે ૧ મીટર માટે









## શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થાની આ યોજનાઓ માટે દાન આપવા વિનંતી

| ક્રમ | વિગત | પ્રત્યેક વિગત માટે દાનની રકમ |
|---|---|---|
| (૧) | મેઈનગેટ : ૩ (ઓફિસ આગળ-૧, ઘાસ ગોડાઉન આગળ-૧, બકરાવાટીકા આગળ-૧)........................ | ૩૧ લાખ |
| (૨) | ઘાસ ગોડાઉન : ૫૦'x૧૦૦'=૪ (પાંજરાપોળ:૨+બકરાવાટીકા:૨) | ૨૫ લાખ |
| (૩) | કોમ્પ્યુટરાઈઝ્ડ ઓફીસ........................................ | ૨૧ લાખ |
| (૪) | પશુઓના શેડ : ૫ ........................................ | ૨૦ લાખ |
| (૫) | અબોલજીવો માટે એમ્બ્યુલન્સ........................................ | ૧૫ લાખ |
| (૬) | ખેતી માટે કુવા : ૫ ........................................ | ૧૧ લાખ |
| (૭) | સ્ટાફ કવાટર્સ - ૧૫ ........................................ | ૭ લાખ |
| (૮) | પશુની સારવાર માટે વાર્ષિક દવા ખર્ચ ........................ | ૫ લાખ |
| (૯) | સંસ્થાના આધાર સ્તંભ (એક પરિવાર)........................ | ૩ લાખ |
| (૧૦) | સંસ્થાના સાધારણ ફંડના દાતા........................................ | ૫૧,૦૦૦/- |

રૂા. ૫૦,૦૦૦/- કે વધુ દાન આપનાર દાતાશ્રીનું નામ બ્લેક માર્બલમાં સુવર્ણ અક્ષરે લખવામાં આવશે

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | એક દિવસનો સંપૂર્ણ નિભાવ ખર્ચ |
| રૂા. ૫૧,૦૦૦/- | અબોલ પશુઓને ૧ ટાઈમ લાપસી ખવડાવવાનો ખર્ચ |
| રૂા. ૩૦,૦૦૦/- | અબોલ જીવો માટે ૧ ટ્રક લીલુ ઘાસ |
| રૂા. ૧૦,૦૦૦/- | અબોલ જીવો માટે ૧ ટ્રેક્ટર લીલું ઘાસ |
| રૂા. ૯,૦૦૦/- | એક અબોલ જીવને છોડાવવાના |

## :: દાન સ્વીકાર તથા સંપર્ક સૂત્ર ::


### શ્રી ભરતભાઈ એ. ભંડારી - માનદ્ વહીવટદાર

C/o મે. સરસ્વતી ફાઈનાન્સ, ઈ-૭૦/૧૧, દામોદર કોમ્પ્લેક્ષ, ઈડર
ફોન : ૦૨૭૭૮-૨૫૩૩૯૯, મો. ૯૪૨૮૫૫૩૩૯૯, ૮૪૬૦૪૮૪૭૦૪

**શ્રી પ્રેરક ભંડારી** મો. ૯૪૨૮૯૪૫૩૯૨ | **શ્રી પ્રતિક ભંડારી** મો. ૯૯૮૦૨૯૯૯૦૨
ભંડારી જ્વેલર્સ માર્ટ
નવા બજાર, હિંમતનગર ફોન : ૦૨૭૭૨-૨૪૫૩૯૨

**શ્રી અંબાલાલ આર. પટેલ**
C/o. ગુજરાત મેડીકલ સ્ટોર્સ
વિજય માર્કેટ, ઈડર ફોન : ૦૨૭૭૮-૨૫૦૬૬૬ મો. ૯૯૭૪૨૮૦૯૩૨

**ગુરૂ કમલ-લબ્ધિ જીવદયાધામ વિકાસ બોર્ડ**
ચેરમેન - શ્રીયુત ઉત્તમચંદ કેશરીમલજી જૈન
સુમેરપુર (રાજ.), હાલ મુંબઈ મો. ૯૮૨૦૧૫૯૫૫૪

**શ્રી પ્રમોદભાઈ ચંદુલાલ મહેતા**
૧૩, મણી ભુવન, જુહેન રોડ, દેવકર સ્કુલ સામે,
મલાડ (ઈસ્ટ) મુંબઈ-૯૭
મો. ૯૮૨૦૧૭૫૦૩૮

**શ્રી પ્રદીપ એન. મહેતા**
બી-૩૦૯, એમરલ્ડ રેસીડેન્સી, પંજાબી હોલ સામે,
નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૨૬૫૬૦૩૪૧ મો. ૯૮૨૫૦૧૯૭૭૪

**શ્રી કેતનભાઈ આર. શાહ**
૩૦૧, સાગર-૪, સત્યાગ્રહ આશ્રમની પાસે,
ટાઈમ્સ્કેલ સામે, એલીસબ્રીજ,
આશ્રમરોડ, અમદાવાદ. મો. ૯૮૨૫૧૬૯૩૩૭

**શ્રી મનોજભાઈ પટેલ** મો. ૯૪૨૮૦૦૨૨૫૨ | **શ્રી પ્રફુલભાઈ પટેલ** મો. ૯૪૨૬૫૧૧૬૧૭
[illegible]

**ભાવના ઈલેક્ટ્રીકલ્સ**
[illegible]
[illegible]
[illegible]

**શ્રી અશોકભાઈ એમ. દેસાઈ**
C/o. હરસિદ્ધ ફર્ટીલાઈઝર્સ, ઈડર
મો. ૯૮૨૫૫૬૮૨૩૧

**શ્રી હીરૂભાઈ નાથુભાઈ દેસાઈ**
મુ.પો. મુડેટી, તા. ઈડર (સા.કાં.)
મો. ૯૭૪૪૩૩૪૮૯૭

**શ્રી ડાહ્યાભાઈ આર. પટેલ**
મુ.પો.આકોદરા, તા. હિંમતનગર
મો. ૯૪૨૭૭૩૭૫૯૯૯

**શ્રી ઈશ્વરભાઈ જી. પટેલ (ભંડારી)**
મુ.પો. જાદર, તા. ઈડર
મો. ૯૪૨૬૦૨૭૫૪૩

**શ્રી બીપીનભાઈ એમ. મહેતા**
સુરત
મો. ૯૩૨૮૫૧૩૪૨૫

**શ્રી જતીનભાઈ એમ. શાહ**
સુરત
મો. ૯૪૨૬૫૧૦૦૩૫

**શ્રી આશિષભાઈ એસ. શાહ**
ઉમરગામ (મુંબઈ)
મો. ૯૩૭૪૦૯૩૭૯૮

**શ્રી નરેન્દ્રભાઈ સી. શાહ**
બિલીમોરા
મો. ૯૪૨૮૧૯૪૭૫૭


### : શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થાના બેંક ખાતાઓની વિગત :

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ઈડર, ખા.નં. ૧૦૮૩૮૨૪૬૫૫૨ સાબરકાંઠા બેંક, ઈડર ખા.નં. ૬૧૫૦૬૧૦૦૯૮૨૯

આઈસીઆઈસીઆઈ બેંક, ઈડર ખા.નં. ૧૭૧૯૦૫૦૦૧૫૮૭ IFSC Code : ICIC0001719


ડ્રાફ્ટ એન્ડ ડીઝાઈન : પ્રો.જે. બી. દવે, ઈડર
પ્રિન્ટ : આકાશ ઓફસેટ, ઈડર મો. ૯૮૨૫૫૬૬૬૪૪